R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 21•ISSUE: 47 DATE: 25-11-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## મુડીઝના રેટિંગ છતાં અર્થતંત્ર હજુ સમસ્યાથી મુક્ત થયું નથી : માજી વડાપ્રધાન મનમોહનસિંહ

મુડીઝ દ્વારા રેટિંગમાં સુધારો થતાં ઉત્સાહમાં આવી ગયેલી મોદી સરકારને લાલ બત્તી બતાવતાં પુર્વ વડાપ્રધાન અને નાણાંમંત્રી મનમોહનસિંહે જણાવ્યુ હતું કે અર્થતંત્ર સમસ્યાઓમાંથી બહાર આવી ગયું છે તેવી ખોટી માન્યતામાં સરકારે ભરમાઇ જવું નહીં. મને આનંદ છે કે મુડીઝે ભારતનું રેટીંગ વધાર્યુ છે પરંતુ આપણે ખુશ થઈ જવાની જરુર નથી.મને લાગે છે કે આપણું અર્થતંત્ર સમસ્યાઓમાંથી બહાર આવી ગયું છે તેવી ખોટી માન્યતાથી ભરમાઇ જવાની જરુર નથી.

મેક્રોઈકોનોમિક્સ ડેવલપમેન્ટસ ઈન ઈન્ડીયા પર રાષ્ટ્રીય સેમિનારને સંબોધન કરતાં પુર્વ વડા પ્રધાને જણાવ્યું હતું કે સરકાર કહે છે કે તે દેશના અર્થતંત્રનો વૃધ્ધિદર ૮ થી ૧૦ ટકા પર લઈ જવા માંગે છે. પરંતું તે માટે અર્થતંત્રને આગળ વધારવા મજબુત અને હેતુપુર્વકના માર્ગદર્શનની જરુર છે.ક્રુડ તેલની વધી રહેલી કિંમતો આર્થિક વ્યવસ્થાને નુકશાન પહોચાડશે. થોડા મહિના પહેલાં ક્રુડનો ભાવ ૪૦-૫૦ ડોલર હતો જે હવે વધીને ૬૨-૬૪ ડોલર પ્રતિ બેરલ થઈ ગયો છે તેને કારણે ચુકવણીનું સંતુલન ખોરવાઈ જશે અને સમગ્ર અર્થતંત્રને નુકશાન થશે.

મનમોહનસિંહે જણાવ્યુ હતું કે કાળા નાંણાના દુષણને ડામવાના રેડિમેડ જવાબો મારી પાસે નથી. પરંતુ નોટબંધી ચોક્કસપણે કાળા નાંણાનો જવાબ નહોતો.કાળા નાંણાના દુષણને ડામવા માટે કર-માળખા,જમીનની નોંઘણી, અને વહીવટીતંત્રને સરળ બનાવવા જોઈએ.

કાળા નાંણાનો ડામવાના નોટબંધીની નિષ્ફળતા પર મનમોહને જણાવ્યુ હતું કે મોટા પ્રમાણમાં કાળુ નાંણું ચલણી નોટોમાં સંગ્રહાયેલુ હોતું નથી.સ્ટીડીઝ દર્શાવે છે કે ફક્ત ૬ ટકા કાળુ નાંણુ ચલણી નોટોના સ્વરુપે હોય છે.નોટબંધીનો કારણે ખેડુતો,નાના વેપારી,લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ઘણી પરેશાની થઈ છે.રોકડનું ગૌરવ હણાયું છે. નોટબંધીને કારણે આર્થિક વૃધ્ધિનો દર ૭.૩ ટકાથી ૫.૭ ટકા પર પહોચી ગયો છે.તેમણે જણાવ્યુ હતું કે કોગ્રેસ જીએસટીનું સર્મથન કરે છે પરંતુ જે રીતે તેનો અમલ થયો છે તેની સાથે સંમત નથી.કોગ્રેસ પહેલેથી જીએસટીની સમર્થક રહી છે.પરંતુ અમે જીએસટીનો અમલ પુરતી કાળજી અને તૈયારી સાથે કર્યો હોત, મોટા મોટા વચનો સાથે સત્તામાં આવેલો ભાજપ તેના અમલમાં



નિષ્ફળ રહ્યો છે.

કોગ્રેસના પ્રવક્તા સુરજેવાલાએ જણાવ્યુ હતું કે મોદી, અને મુડીઝ દેશનો મુડ પારખવામાં નિષ્ફળ ગયા છે.ભાજપ તેની ગુમાવેલી વિશ્વસનીયતા પાછી મેળવવા ધમપછાડા કરી રહ્યો છે દેશની વાસ્તવિકતા કરતાં વિપરિત અહેવાલો વિદેશી સંસ્થાઓ તરફથી આવી રહ્યા છે.

સીપીએમના નેતા યેચુરીએ જણાવ્યુ હતું કે મુડીઝના સુધારેલા રેટિંગથી હરખાવા જેવું કશું નથી. સરકાર રેટિંગ દ્વારા એમ બતાવવા માંગે છે કે દેશનો વિકાસ થઈ રહ્યો છે પરંતુ આ રેટિંગ શેના માટે ? આ રેટિંગ એમ કહે છે કે ઊદ્યોગપતિઓને જ વધુ લાભ થશે.

## ભાજપના ૨૨ વર્ષના શાસનમાં ગુજરાત વિકાસમાં પછાત રહી ગયું : ચિદમ્બરમ માજી મંત્રી

કોગ્રેસના વરિષ્ઠ નેતા અને માજી મંત્રી પી. ચિદમ્બરમે ગુજરાતના વિકાસ મોડલને ફગાવી દેતાં જણાવ્યુ હતું કે ભાજપના બાવીસ વર્ષના શાસનમાં ગુજરાતે વિકાસના મામલે પીછેહઠ કરી છે.તેમણે કહ્યુ હતું કે કર્ણાટક,તામિલનાડુ,કેરળ અને મહારાષ્ટ્રના વિકાસના આંકડાઓ જોતાં ગુજરાત વિકાસના મામલે પછાત રહી ગયું છે.તેમણે કરેલા સંખ્યાબંધ ટ્વિટમાં તેમણે કહ્યુ હતું કે ગુજરાતના આંકડા દર્શાવે છે કે દાવાઓ છતાં ગુજરાત તેની સરખામણી થઈ શકે તેવા ચાર રાજ્યોની તુલનામાં પાછળ છે.ગુજરાતે ભલે ઔદ્યોગિક વિકાસ કર્યો હોય પરંતુ માનવીય વિકાસના મહત્વના ક્ષેત્રોમાં છેલ્લા ૨૨ વર્ષમાં ગુજરાત પછાત બન્યુ છે. તેમણે વધુમાં કહ્યુ હતું કે મોદી સરકારના ૪૨ મહિનાના શાસન બાદ પણ ચારેતરફ હતાશા પ્રવર્તી રહી છે.મોદી ૨૦૧૪માં અચ્છે દિનના વાયદા સાથે રાજકારણમાં વિકાસને કેન્દ્ર સ્થાને લઈ આવ્યા હતા. ગુજરાતની આર્થિક સફળતાનો શ્રેય ગુજરાતી લોકોને જાય છે. ૧૯૯૫ કરતાં પણ પહેલેથી ગુજરાત રાષ્ટ્રીય વિકાસની સરેરાશમાં અગ્રેસર રાજ્ય હતું.ચિદમ્બરમે જણાવ્યુ હતું કે વિકાસની વિનાશકારી વ્યાખ્યાના કારણે ગુજરાતમાં સમાજના ઘણા વર્ગ પછાત રહી ગયા છે.

## ફિલ્મ નિર્માતાઓ અને લેખકોની સ્વતંત્રતા પર રોક લગાવી શકાય નહી : સુપ્રીમ કોર્ટ

સંજય લીલા ભણસાલીની નવી ફિલ્મ પધ્માવતી સામે દેશભરમાં ચાલી રહેલા વિરોધ બાબતે સુપ્રીમ કોર્ટે એક નોંઘપાત્ર ચુકાદામાં જણાવ્યુ હતું કે ફિલ્મ નિર્માતાઓ અને લેખકોને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની પરવાનગી આપવી જોઈએ. તેમના પર રોક લગાવી શકાય નહીં.દલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પરની ફિલ્મ ઈનસગ્નિફિકન્ટ મેનના પ્રદર્શનને અટકાવવાની માંગ કરતી પીટીશન નકારી કાઢતાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે દરેક રચનાત્મક લોકોને તેમની ફિલ્મો અને નાટકોના નિર્માણમાં પોતાના કામનો આનંદ લેવાનો અધિકાર છે. કેજરીવાલની ફિલ્મ ૧૭મી નવેમ્બરે રીલીઝ થવાની હતી.મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાની બેન્ચે આ ફિલ્મ અટકાવવાની માંગણી નકારી કાઢી હતી.અને જણાવ્યુ હતું કે વાણી અને અભિવ્યકિતની સ્વતંત્રતા પર નિયંત્રણ હોઈ શકે નહીં તેથી અદાલતોએ પ્રતિબંધાત્મક આદેશો આપવામાં ઉતાવળ કરવી જોઈએ નહીં.

પધ્માવતીનો વિવાદ ચરમસીમા પર છે.રાજસ્થાનમાં એક રાજપુત નેતાએ જાહેરાત કરી છે કે ભણસાલીનું શીર કાપી લાવનારને પાચ કરોડ રુપીયાનું ઈનામ અપાશે.તેમજ આ ફિલ્મની અભિનેત્રી દિપીકા પર હુમલો કરવાની ધમકી અપાઈ છે.હવે આવી ધમકીઓ સામે સુપ્રીમ કોર્ટે યોગ્ય દિશા સુચન આપવા જોઈએ જ નહિતર બંધારણીય અધિકારોનું જતન થઈ શકશે નહીં.

## નેશનલ પ્રેસ ડે નિમિત્તે વડાપ્રધાને મીડીયાની સ્વતંત્રતા માટે તેમની સરકાર પ્રતિબધ્ધતા બતાવી

રાષ્ટ્રીય પત્રકારિતા દિવસ નિમિત્તે મીડીયા જગતને શુભેચ્છા પાઠવતાં વડા પ્રધાન મોદીએ જણાવ્યુ હતું કે પ્રેસની સ્વતંત્રતા દેશની ધબકતી લોકશાહીનો પાયાનો પથ્થર છે. મીડીયાની સ્વતંત્રતા માટે મારી સરકાર સંપુર્ણ પ્રતિબધ્ધછે.અમે મીડીયાની સ્વતંત્રતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના તમામ સ્વરુપની જાળવણી કરવા સુસજ્જ છીએ. મીડીયાએ ૧૨૫ કરકોડ ભારતીયોની કુશળતા,શક્તિ અને રચનાત્મકતાને વધુ સ્થાન આપવું જોઈએ. વડાપ્રધાનો મીડીયાની આકરી મહેનતની પ્રશંસા કરતાં જણાવ્યુ હતું કે રિપોર્ટર અને કેમેરામેન અથાક પરિશ્રમ કરી રાષ્ટ્રીય અને વૈશ્વિક ઘટનાક્રમને આકાર આપતા વિવિધ સમાચારો પ્રસ્તુત કરે છે.

૧૯૬૬માં ૧૬મી નવેમ્બરે પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની સ્થાપના કરાઈ હતી. ત્યારથી ૧૬મી નવેમ્બરને નેશનલ પ્રેસ ડે તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાને સમાજના નબળા વર્ગનો અવાજ ઉઠાવવામાં પત્રકારોની કામગીરી બિરદાવી હતી. તેમણે જણાવ્યુ હતું કે નેશનલ પ્રેસ ડે નિમિત્તે હું તમામ મીડીયા કર્મીઓને શુભેચ્છા પાઠવું છું.

સ્વચ્છ ભારતના સંદેશને જનતા સુધી પહોચાડવામાં મીડીયાની ભુમિકા ની પ્રશંસા કરતાં મોદીએ જણાવ્યુ હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં મીડીયાએ સ્વચ્છ ભારત અભિયાનને મજબુતાઈ આપી છે.સ્વચ્છતાના સંદેશને આગળ વધારવામાં મદદ કરી છે.સોશિયલ મીડીયાના આધુનિકરણ



અને સમાચારોમાં તેનો ઉપયોગ મીડીયાને વદુ લોકતાંત્રિક બનાવશે અને જાહેર જીવનમાં ભાગીદારી વધારશે. ભુતકાળનાં મીડીયાને સેન્સર કરવાના સરકાર પર આરોપો મુકાયા છે.વડાપ્રધાને કહ્યુ કે સરકાર અભિવ્યક્તિની સ્વતંત્રતાની જાળવણી કરશે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓમાં ખરેખરાનો જંગ જામ્યો છે.કોણ જીતશે તે નક્કી કહી શકાય તેવો વર્તારો જણાતો નથી.સત્તાસ્થાને બેઠેલો ભારતીય જનતા પક્ષ એડી ચોટીનું જોર લગાવી રહ્યો છે. જ્યારે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી આખુ ગુજરાત ખુંદી વળ્યા છે.આ વખતે કોગ્રેસને લોકોનો ટેકો મળી શકે તેવું વાતાવરણ ઉભુ થયું છે. પાટીદાર,ઓબીસી,પછાત વર્ગ,આદીવાસી વર્ગ અને બીજા કેટલાક વિરોધ પક્ષને સાથ આપી રહ્યા હોય તેવું દેખાઈ રહ્યુ છે.જો કે ભાજપ તેની આવડત મુજબ શામ,દામ,દંડ ભેદનો ઉપયોગ કરી રહ્યુ છે.પરંતુ પલડું કોની તરફ નમશે તે હજુ સુધી નક્કી દેખાતું નથી. પરિણામો બતાવશે કે પ્રજામત કોને મળ્યો.

આ ઉપરાંત આ વખતે ગુજરાતની ચુંટણીમાં અન્ય કેટલાક પક્ષો પણ ચુંટણી લડવાના છે.જેવા કે શિવસેના,વાઘેલાની પાર્ટી,અને અન્યો જે ભાજપની જીતમાં ફાચર મારી શકે છે.ભાજપે ચુંટણી જીતવા માટે જે પ્રકારની સ્ટેટેજી અપનાવી છે તે અન્ય પક્ષો પણ અપનાવશે તેમાં લગીરે ય શંકા નથી.જ્ઞાતિવાદી પરિબળો પણ પુર જોરમાં લાગેલા છે.આ વખતની ચુંટણીમાં એવા અનેક પાસાઓ છે જે ભુતકાળમાં નહોતા.પરિણામે બધાજ પક્ષોએ લોઢાના ચણા ચાવવા જેવી બાબત ઉભી થઈ છે. જો કે ઈવીએમ મશીનમાં થતી ગરબડો જો ચાલુ  જ રહી તો ચુંટણી પંચ માટે તે શરમજનક બાબત બનશે કારણકે દેશમાં નિષ્પક્ષ ચુંટણી કરાવવાની જવાબદારી તેઓની છે.

નોટબંધી અને જીએસટીના મુદ્દે પ્રજાનો મત શું આવે છે તેના પર ભાજપની જીતનો આધાર છે. પ્રજાએ આ બે મુદ્દે ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કર્યો છે.તેથી તે મતદાનમાં અસર કરે તો પરીણામો વિપરિત આવી શકે છે.

## મંતવ્ય

દેશમાં ચારે કોર પધ્માવતી ફિલ્મના ચાલી રહેલા વિવાદમાં કેટલીક રાજ્ય સરકારો પર જોડાઈ ગઈ છે.બીજી બાજુ દેશની સર્વોચ્ચ અદાલત વાણી સ્વતંત્રતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણ હોઈ શકે નહીં તેવો પોતાનો મત પ્રગટ કર્યો છે.છતાં પણ જે રાજ્યોના મુખ્યમંત્રીઓ આ વિરોધમાં જોડાયા છે તેમની ફરજ બને છે કે તેઓ દેશના બંધારણે આપેલા આદેશોનુ ચુસ્તપણે અમલ કરે.

જો કે કેન્દ્રીય મંત્રી ઉમા ભારતીએ કહ્યુ છે કે પધ્માવતી વિવાદ માટે ફિલ્મના દિર્ગદર્શક અને પટકથા લેખક જવાબદાર છે. આ માટે ફિલ્મના કલાકારો માટેની કોઈપણ ટિપ્પણી અનૈતિક છે.જો આપણે પદ્માવતીના સન્માનની માંગણી કરીએ છીએ તો પછી તમામ મહિલાઓના સન્માનનું ધ્યાન રાખવુ જોઈએ.

રાજપુત કોમ મહિલાઓનું સન્માન જાળવવા માટે ઉચ્ચ પરંપરા ધરાવે છે.મહિલાઓનો આદર કરવો અને તેમનું સન્માન કરવું તેમનાલોહીમાં છે પરંતુ હાલમાં જે રીતે ફિલ્મી અભિનેત્રી દિપકાની ગરિમાને ઠેસ પહોચે તેવી જાહેરાતો તેમના ખમીરને નીચુ પાડી દે છે.ઉચા આદર્શોની વાતો કરનારાઓ ખરેખર તો આર્દશો જાળવવા તેમની ફરજ બને છે.આસા રાખીએ કે તેઓ રાજકારણના વમળમાં ફસાઈ ના જાય તેવુ ધ્યાન રાખવું જોઈએ.

મહેન્દ્ર પી.ઝાલા

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



વિનંતી
તમારી પ્રાર્થનામાં  અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર  અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે

સફળતા કોને કહેવાય ? આમ તો દરેક વ્યક્તિની દષ્ટિએ સફળતાનો અર્થ જુદો જુદો હોઈ શકે. કોઈ તેને સંપત્તિ સાથે સાંકળી શકે તો કોઈ તેને સ્વાસ્થ સાથે સાંકળે તો કોઈ તેને અભ્યાસ સાથે કે સમાજમાં મળતા મોભા-પ્રતિષ્ઠા સાથે સાંકળી શકે. આમ છતાં સફળતા એ આંતરિક બાબત છે.જે બાબતને તમે પ્રાધાન્ય આપીને સફળતા ગણો છો તેને અન્ય વ્યક્તિ સફળતા ન પણ ગણે.પણ તે માટે આપણે આપણી પસંદગી કે રસ રુચિ બદલવાની જરુર નથી.તમને મજા આવતી હોય , સંતોષ મળતો હોય અને સમાજ તેને સહર્ષ સ્વીકારતો હોય તેવી દરેક બાબતમાં આગળ વધો, એ જ તમારી સફળતા છે.

તમારી શક્તિ અને મર્યાદાને જાણો. વ્યવહારિક બનો. એટલે કે વાસ્તવિકતાનો સ્વીકાર કરો. તમને જે મળ્યું છે તે છે અને નથી તે નથી.તેનો સ્વીકાર કરો અને મહેનત કરવા મંડી પડો.પોતની બહેરી પત્ની માટે શ્રવણયંત્ર શોધવાનો અલેકઝાંડર ગ્રેહામ બેલે ખુબ પ્રયત્ન કર્યો હતો.તેઓશ્રવણયંત્ર ન શોધી શક્યા. હા, ટેલીફોનના સિધ્ધાંતો જરુર શોધી કાઢ્યા.આમ કરેલું ફોગટ જતું નથી.એન્ડુ કારનેગ કહે છે, એક સામાન્ય વ્યક્તિ પોતાની શક્તિના ૨૫ ટકા જ કામ કરે છે.જેઓ ૫૦ ટકાથી વધુ શક્તિ ખર્ચે છે તેઓને જગત સલામ કરે છે.પરંતુ જેઓ ૧૦૦ ટકા શક્તિ ખર્ચે છે તેમને જગત આસમાનની બુલંદી પર બેસાડે છે.

સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે.બંને એકબીજાની સાથે ચાલે છે.જ્યાં સફળતા હોય ત્યાં સંઘર્ષ હોય અને સંઘર્ષ હોય ત્યાં સફળતા પણ આવે. તમે કહેવત સાંભળી હશે, ‘‘શાંત દરિયો કદી કુશળ ખલાસી બનાવતો નથી.’’ આમ સંઘર્ષ દ્વારા મળેલી સફળતા જ સંતોષ સાથે નિજાનંદ આપે છે. પ્રયત્ન વિના, પ્રાપ્ત થયેલ લક્ષ્ય ધાર્યો સંતોષ કે આનંદ આપી શકતા નથી.

ટોમ વોટસનના મતે જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરી નાંખો. એટલે કે પ્રયત્નો વધારી દેવા જોઈએ.તેમાં ભલેને મોટા ભાગના પ્રયત્નો નિષ્ફળતામાં પરિણમે. લોકો સફળતાને જુએ છે.વધાવે છે,તે માટે થયેલ નિષ્ફળ પ્રયત્નોને કોઈ મહત્વ આપતું નથી.નિષ્ફળ થવાશે તેમ માનીને કશું જ ન કરનાર કરતાં, સતત નિષ્ફળ થનાર વ્યક્તિ પણ જો પોતાના પ્રયત્નો ચાલુ જ રાખતો હોય તો તે વધારે પ્રમાણિક અને વિશ્વાસુ ગણાય.

એક ખેડુતની વાડી જોઈને કોઈએ કહ્યું કે વાહ ભગવાને કેટલી સુંદર વાડી તને આપી છે.તારે ભગવાનનો આભાર માનવો જોઈએ. ત્યારે પેલા ખેડુતે કહેલું કે હા હું ભગવાનનો આભારી છું.પણ તમારે આ વાડી પાંચ વર્ષ પહેલાં જોવી જોઈતી હતી.જ્યારે તે માત્ર પ્રભુના ભરોસે હતી. અહીં અર્થઘટન એ કરવાનું કે ભગવાનને ભરોસે બધું ન છોડાય. આપણી મહેનત હોય તો જ સફળતા મળે. પ્રિન્સ લોમ્બાર્ડી જણાવે છે કે વિજયી બનવાની ઈચ્છા બધાને હોય છે, પણ એ માટે નક્કર યોજના બનાવી પુર્વ તૈયારી કરવા માટે ખુબ ઓછા લોકો તૈયાર થતા હોય છે.સફળતા મેળવવા માત્ર શૈક્ષણિક ડીગ્રી જ કામ આવતી નથી.સફળ વ્યક્તિઓમાંથી મોટા ભાગની વ્યક્તિ અભ્યાસમાં મોખરાનું સ્થાન ધરાવતી ન હતી.અરે, ઘણી વ્યક્તિઓ તો અભ્યાસમાં નાપાસ પણ થતી હતી. તો કેટલીક વ્યક્તિઓ તો અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હતો. કેટલાંક ઉદાહરણો વાંચો. લકવાગ્રસ્ત વિલ્મા રુડોલ્ફ પોતાની તીવ્ર ઈચ્છાશક્તિ અને મહેનતને કારણે ૧૯૬૦માં ઓલિમ્પીકમાં સૌથી ઝડપી મહિલા તરીકે પ્રથમ આવી હતી.શૈલી માન બાળપણમાં લકવાગ્રસ્ત બની હતી. છતાં તરણવિદ્યા શીખી ૧૯૫૬ની મેલબોર્ન ખાતેની ઓલિમ્પીકમાં તેણે ત્રણ વિક્રમ સર્જ્યા હતા.હેની ફોર્ડ જ્યારે પોતાની જીવનની પ્રથમ કાર બનાવી ત્યારે તેઓ તેમાં રીવર્સ ગીયર નાંખવાનું ભુલી ગયા હતા.અને ૪૦માં વર્ષે નાદારી નોધાવી હતી.વીજળીનો દિવો શોધવામાં થોમસ આલ્વા એડીસનને સફળતા મળી એ  પહેલાં ૧૦,૦૦૦ પ્રયોગ નિષ્ફળ નીવડ્યા હતા.સુપરસ્ટાર રજનીકાંત ૨૪માં વર્ષે બસ કંડકર હતો.બીલ ગેટસે પોતાનું યુની.નું શિક્ષણ પુરુ કર્યું નથી.સચિન તેડુંલકર ૧૦માં ધોરણની પરીક્ષામાં નાપાસ થયો હતો.આમ સફળતા માટે માત્ર શિક્ષણ જ ઉપયોગી નથી.તમને જેમાં રસ છે, તમને જે ગમે છે તે પુરા લગાવથી મન મુકીને કરો. તમે સફળ થશો જ, અંતે દોસ્તો એટલું યાદ રાખજો કે ,બધા બધું નથી બની શકતા અને બધા એ બધું બનવાની જરુર પણ નથી.

ડો. અશોક પટેલ(સૌ.સંદેશ)

# પદ્માવતી ફિલ્મના વિવાદમાં અનેક લોકોએ ઝુકાવ્યુ તેમાં કેટલીક રાજ્ય સરકારોએ પણ લાભ લેવા પ્રયત્ન કર્યો

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યુ હતું કે જો ફિલ્મમાં રાષ્ટ્રમાતા પધ્માવતીને અપમાનિત કરતાં દ્શ્યો હશે તો મધ્યપ્રદેશનમાં તેનો પ્રદર્શનની પરવાનગી નહીં અપાય.ઈતિહાસ સાથે છેડછાડ કરીને રાષ્ટ્રમાતા પધ્માવતીના સન્માન વિરુધ્ધના દ્શ્યો ફિલ્મમાં હશે તો તેને મધ્યપ્રદેશની ધરતી પર પરવાનગી નહીં અપાય.

પંજાબના મુખ્યમંત્રી અમરિન્દરસિંહે કહ્યુ હતું કે પધ્માવતીના પ્રદર્શન પર રોક લગાવવાની જાહેરાત કરતાં કહ્યુ હતું કે ઈતિહાસ સાથે ચેડા સહન કરી શકાશે નહીં.વિરોધ પ્રદર્શન કરનારા યોગ્ય જ કરી રહ્યા છે.પંજાબમાં ફિલ્મ પર પ્રતિબંધ લાદી દેવાયો છે.

કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારામૈયાએ કહ્યુ હતું કે હું ભાજપની અસહિષ્ણુતાની સંસ્કૃતિની નિંદા કરુ છું.સમગ્ર કર્ણાટક દીપીકા પદુકોણના સમર્થનમાં ઊભુ છે.દિપીકા અમારા રાજ્યની વિશ્વપ્રસિધ્ધ કલાકાર છે.

જ્યારે જાણીતા બોલવુડના લેખક અને ગીતકાર જાવેદ અખ્તરે કહ્યુ હતું કેઆ રાજપુતો-રજવાડાઓ અંગ્રેજો સામે ક્યારેય લડ્યા નહોતા અને હવે રસ્તા પર ઉતરી આવ્યા છે.૨૦૦ વર્ષ સુધી તેઓ અંગ્રેજોના દરબારમાં ઊભા રહ્યા હતા. અને હવે રાજા હોવાની વાતો કરે છે.

આ ફિલ્મની અભિનેત્રી દિપીકા પદુકોણ આ વિવાદને કારણે ગ્લોબલ એન્ટ્રેપ્રિન્યોરશિપ સમિટમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે.આ સમિટમાં હાજરી આપવા માટે અમેરીકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ઈવાન્કા ખાસ હાજર રહેશે.વડાપ્રધાન મોર્દીએ તેમની અમેરિકા મુલાકાત દરમિયાન ઈવાન્કાને આવવાનું આમંત્રણ આપ્યુ હતું.

તેલંગાણા સરકારના અધિકારીએ કહ્યુ હતું કે દીપીકાએ આ ઈવેન્ટમાંથી તેનું નામ પાછું ખેચી લીધું છે.અગાઉ તેણે આ કાર્યક્રમમાં હાજરી આપવાની સંમતિ આપી હતી.

આખરે ૧ ડિસેમ્બરે ફિલ્મ રીલીઝ કરવાની હતી તે ભણસાલીએ પાછી ઠેલી છે.ખેર, આ પહેલાં પધ્મામતી રાણી ઉપર ત્રણ ફિલ્મો બની ચુકી છે અને તેનો કોઈ વિરોધ થયો નહોતો.પરંતુ આ વખતે તેનો વિરોધ જે રીતે થઈ રહ્યો છે તેના પરથી એવું લાગી રહ્યુ છે કે સમગ્ર ઘટના પાછળ રાજકીય ચંચુપાત અસ્તિત્વ ધરાવે છે અને બોલિવુડને પોતાના સકંજામાં લેવા માંગે છે.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચુંટણી પહેલાં સરકારે ગ્રામીણ વિસ્તારોમાં દરેક પરિવારને ગાય ભેટ આપવાની જાહેરાત કરી



પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચુંટણી પહેલાં સરકારે ગ્રામીણ વિસ્તારોમાં દરેક પરિવારને એક ગાય આપવાની જાહેરાત કરી છે.આવતા વર્ષે ચુંટણી યોજાશે. જો કે પશુ સંશાધન વિકાસ મંત્રી સ્વાપન દેબનાથે કહ્યુ હતું કે સરકારની આ યોજનાથી ગ્રામીણ વિસ્તારના પરિવારોને આત્મનિર્ભર બનવા મદદ મળશે. તેમણે વધુમાં કહ્યુ હતું કે આ યોજનાથી રાજ્યમાં દુધના ઉત્પાદનમાં મોટા પાયે વધારો થશે.દેબનાથે પીટીઆઈને જણાવ્યુ હતું કે ગ્રામીણ પરિવારમાં ગાય વિતરણ પ્રક્રિયા જલ્દીથી શરુ કરાશે. જ્યારે આવતા વર્ષે શરઆતના મહિનાઓમાં આ કામ પુરા કરી દેવાશે.

પશું સંશાધન વિકાસ મંત્રીના જણાવ્યા પ્રમાણે સરકાર એ પરિવારોને ગાય આપશે.અમે એ પરિવારોને આત્મનિર્ભર બનાવવા ઇચ્છીએ છીએ. આશા કરીએ કે સરકારના આ પગલાંથી રાજ્યમાં દુધનું ઉત્પાદન વધશે.ખરેખર મમતા બેનર્જીનું આ હિંદુકાર્ડ કેટલા અંશે સફળ નીવડે છે તે જોવાનું રહ્યું.

## અનામત બાબતે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરતાં કહ્યુ કે કુલ અનામત કોઇપણ સંજોગોમાં ૫૦ ટકાથી વધવી ના જોઇએ જેથી રાજસ્થાનમાં ગુર્જરોને પાંચ ટકા અનામત ક્વોટા આપી શકાય નહીં



સુપ્રીમ કોર્ટે રાજસ્થાનમાં ગુર્જરોને પાંચ ટકા અનામત ન મળી શકે તેવો આદેશ કર્યો છે.રાજસ્થાન સરકારે ગુર્જરો માટે પાંચ ટકા અનામતની જાહેરાત કરી હતી.પરંતુ આમ કરવાથી મહત્તમ ૫૦ ટકા અનામતના સુપ્રીમ કોર્ટના આદેશનો ભંગ થાય છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે હાઇકોર્ટ જ્યાં સુધી નિર્ણય ન લે ત્યાં સુધી ગુર્જરોને અનામતનો અમલ ન થઈ શકે.સુપ્રીમ કોર્ટે ૧૩મીએ આ આદેશ કર્યો હતો.જે ૧૫મીએ ઉપલબ્ધબન્યો હતો.આમ હાલ તો ગુર્જરોની અનામત પર પડદો પડી ગયો છે.ગુજરાતમાં પાટીદારો અનામતની માંગણી કરી રહ્યા છે. અને ચુંટણીમાં આ મામલે ખાસ્સી ચર્ચા થઈ રહી છે. ત્યારે ગુર્જરોને અનામત અંગે સુપ્રીમ કોર્ટનો આદેશ સુચક છે.

સુપ્રીમ કોર્ટના આદેશમાં કહેવાયું છે કે હાઇકોર્ટે વિધાનસભામાં આ બિલ રજુ કરવાની પ્રક્રિયા પર સ્ટે મુકતો આદેશ કર્યો છે તે યોગ્ય નહતો અને આથે તે આદેશના એટલા ભાગ પર સ્ટે મુકવામાં આવે છે. જો કે કોર્ટે કહ્યુ હતું કે અનામતના લાભ આપવાના મામલે કોઇ જ એવો વહીવટી નિર્ણય લેવો ન જોઇએ જેનાથી કુલ અનામત ૫૦ ટકાથી વધારે થાય.

રાજસ્થાનની વસુંધરારાજે સિંધિયાની સરકારે ગુર્જરોનો રોષ શાંત કરવા માટે પાંચ ટકા અનામતની જાહેરાત ગત ઓગષ્ટમાં કરી હતી. રાજ્ય સરકારે ઓબીસી માટે અનામતનો વ્યાપ ૨૧ ટકાથી વધારીને ૨૬ ટકા કર્યો હતો અને ગુર્જરો તથા અન્ય કેટલીક જાતિને પાંચ ટકા અનામત આપવાની જાહેરાત કરી હતી.હાલમાં જ હાજ્યમાં કુલ અનામત ૪૯ ટકાના સ્તર પર છે.જો વધુ પાંચ ટકા અનામતનો અમલ કરાશે તો કુલ અનામત ૫૦ ટકાથી વધીને ૫૪ ટકા થઈ જશે. રાજ્યસ્થાન વિધાનસભાએ ચોમાસુ સત્રમાં ગૃહમાં આ બિલ રજૂ કર્યુ હતું પરંતુ રાજ્યસ્થાન હાઇકોર્ટમાં અપીલ કરતાં હાઇકોર્ટે તેનો અમલ સ્થગિત કર્યો હતો.

## ચીની રાષ્ટ્રપ્રમુખ જિનપિંગે ગરીબી દુર કરવા માટે ઇસુની તસવીર હટાવીને તેમની તસવીર લગાવવા આદેશ જારી કર્યો

ચીનમાં સતત બીજી વાર રાષ્ટ્રપ્રમુખ નેલા શી જિનપીંગ માઓ પછી બીજા સૌથી શક્તિશાળી નેતા ગણાવાય છે પણ હવે તેમને ભગવાન પણ ગણાવવામાં આવી રહ્યા છે.ચીનના દક્ષિણ પુર્વ ક્ષેત્રમાં રહેતા ઇસાઇ પરિવારોને હવે ઇસુ ખ્રિસ્તની તસવીરના સ્થાને શી જિનપીંગની તસવીર લગાવવાનો હુકમ આપવામાં આવ્યો છે.ચીનના યુગાન કાઉન્ટીમાં રહેતા હજારો પરિવારોને કહેવામાં આવ્યુ છે કે આપની ગરીબી અને કષ્ટ ઇસુને પ્રાર્થના કરવાથી દુર નહીં થાય. સ્થાનિક અધિકારીઓએ કહ્યુ છે કે તમારી ગરીબી અને કષ્ટો રાષ્ટ્રપતિ શી.જિનપીગ દુર કરશે. ઇસુ ખ્રિસ્તની તસવીરના સ્થાને તમે રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગનો ફોટો લગાવશો. પોયાંગના કિનારે જિયાન્શી પ્રાંતમાં હજારોની સંખ્યામાં ખ્રિસ્તી પરિવારો રહે છે. તેઓ તમામ ગરીબ છે.ચીનમાં જો ૧૦ લાખ લોકો ગરીબ છે તો તેમાંથી લગભગ ૧૧ ટકા લોકો ગરીબી રેખાની નીચે છે. જેમાં લગભગ ૧૦ ટકા લોકો ખ્રિસ્તી છે. યુગાન કાઉન્ટીના સોશ્યલ મીડીયામાં જણાવાયુ છે કે અહીં ખ્રિસ્તી ધર્મની ૬૨૪ તસવીરો અને ચિહ્નને ગ્રામીણોએ હટાવીને રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગની ૪૫૩ તસવીરો પણ લગાવી દીધી છે.

## દેશમાં સુપર ઇમરજન્સીની સ્થિતિ આવી છે : મમતા બેનરજી મુખ્યમંત્રી,પશ્ચિમ બંગાળ

પધ્માવતી વિવાદમાં પશ્ચિમબંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યુ હતું કે ફિલ્મ સામેના દેખાવોની વિરુધ્ધમાં છું.આ વિવાદ દુર્ભાગ્યપુર્ણ છે.

વિચારોની અભિવ્યક્તિ રોકવા માટે કેટલાક રાજકીય પક્ષોએ યોજના બનાવી છે.હું દેશમાં પ્રવર્તી રહેલી આ સુપર ઇમરજન્સીની આકરી ટીકા કરુ છું

## ઝિમ્બાવેમાં તાનાશાહ મુગાબેના ૩૭ વર્ષના એકહથ્થુ શાસનનો અંત: લશ્કરી બળવો

ઝિમ્બાવેમાં રોબર્ટ મુગાબેના એકહથ્થુ શાસનનો અંત આવી ગયો છે. છેલ્લા ૩૭ વર્ષથી તાનાશાહની જેમ શાસન કરી રહેલા અને પ્રજાનું શોષણ કરી રહેલા મુગાબેની સામે લશ્કરે બળવો કર્યો છે.ઝિમ્બાવેની સેનાએ રાજધાની હરારે અને રાષ્ટ્પતિ ભવન સહિતની તમામ મહત્વની સરકારી ઓફિસો પર કબજો કરી લીધો હતો. અને સત્તા પલટો કરી નાંખ્યો છે.સેનાએ રાષ્ટ્પતિ રોબર્ટ મુગાબે અને તેમની મહત્વાકાંક્ષી પત્ની ગ્રેસને કેદ કરી લીધા છે.સરકારી પ્રસારણ સેવા પર પણ સેના દ્વારા કબજો કરી લેવાયો છે.લોકોમાં ગભરાય અને ભાગદોડ મચેલી છે. આર્થિક કટોકટી સામે ઝઝુમી રહેલા ઝિમ્બાવેના બેન્કમાંથી નાણાં ઉપાડવા માટે લાઇનો લાગી ગઇ છે.સેનાએ સત્તાવાર તખ્તાપલટાનો ઇન્કાર કર્યો છે અને કહ્યુ છે કે મુગાબેની આસપાસના ગુનાખોરોનો ખાત્મો કર્યા પછી ફરીથી દેશમાં શાંતિ સ્થાપી શકાશે.

દક્ષીણ આફ્રિકાના આ દેશમાં પ્રથમવાર સેનાએ ૯૩ વર્ષના મુગાબે સામે બળવો કર્યો છે.મુગાબે વિશ્વના કોઇપણ દેશના સૌથી વૃધ્ધ વડા છે.અને સૌથી વધુ સમય સુધી શાસન કરનારા પૈકી એક છે.૧૯૮૦માં ઝિમ્બાવે સ્વતંત્ર થયું ત્યારથી તેઓ તેના વડા હતા.સત્તા પલટા માટે બરતરફ કરાયેલા વાઇસ પ્રેસિડેન્ટનો હાથ હોવાનુ મનાઇ રહ્યુ છે.

## મતદાર ઓળખપત્રના આધારે કરચોરોને પકડવા આવકવેરાની તજવીજ

કર ભર્યા વિના વર્ષોથી ગાયબ થઇ ગયેલા કરચોરોને ઝડપી કાઢવા માટે હવે આવકવેરા વિભાગે ચુંટણી પંચની મદદ લેવાનું નક્કી કર્યુ છે.ચુંટણી પંચને નોન ટ્રેસેબલ કરચોરોની યાદી મોકલવામાં આવશે જેથી મતદાર ઓળખપત્રની મદદથી કરચોરો હાલમાં ક્યા સરનામે છે તે પકડી શકાય.સુરત શહેરમાં હાલમાં અંદાજિત ૫૦ જેટલા કેસ એવા છે કે જમાં કરચોરો મળી રહ્યા નથી.અને મળે તો પોતની કોઈ એન્ટ્રી નથી કહી હાજર રહેતા નથી.પરંતુ મતદાર ઓળખપત્રોના હજુ સુધી ઠેકાણા નથી તો પછી કરચોરોને કેવી રીતે ટ્રેસ કરી શકાશે તે પણ એક પ્રશ્ન છે

## સેન્સરબોર્ડને તેની ફરજ બજાવતાં અટકાવી શકીએ નહીં : પધ્માવતી ફિલ્મ પર સ્ટે આપવાનો સુપ્રીમ કોર્ટનો નિર્ણય

દેશભરમાં વિવાદાસ્પદ બની રહેલી ફિલ્મ પધ્માવતીએ હવે રાજકીય રુપ ધારણ કરવા માંડ્યુ છે.જો કે સુપ્રીમ કોર્ટે પધ્માવતી ફિલ્મને રીલીઝ થતી રોકવા માટે અટકાવવાની માંગ કરતી અરજી સુપ્રીમ કોર્ટે નકારી કાઢી હતી. ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના વડપણ હેઠળની બેન્ચે એડવોકેટ શર્માની અરજી નકારી કાઢતાં કહ્યુ હતુકે પુર્મ કોર્ટે સેન્સરબોર્ડ જેવી બંધારણીય સંસ્થાને તેની ફરજ બજાવતાં અટકાવી શકે નહી.જો કોઇને ફિલ્મ સામે વાંધો હોય તો સેન્સરબોર્ડ દ્વારા પ્રમાણિત થયા બાદ તે ફિલ્મ સર્ટિફિકેશન એપેલેટ ટ્રિબ્યુનલમાં ધા નાંખી શકે છે. પહેલાં સેન્સર બોર્ડને તેનો ચુકાદો આપવા દો.

હવે પધ્માવતી ફિલ્મની રીલીઝ સામે રાજ્ય સરકારો પણ મેદાનમાં આવી છે.મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આ ફિલ્મના પ્રદર્શન પર બાનની જાહેરાત કરી છે.યુપીના ડેપ્યુટી સીએમ કેશવપ્રસાદ મોર્યે જણાવ્યુ હતું કે કાપકુપ વિના યુપીમાંપધ્માવતી રીલીઝ થવા દેવાશે નહી. જો કે પશ્ચિમ બંગાળ અને કર્ણાટકના મુખ્યમંત્રીએ ફિલ્મનો આવકાર કર્યો છે.

## ટ્રીપલ તલાક રોકવા માટે કાયદો ઘડાશે : સરકાર શિયાળુ સત્રમાં ખરડો લાવશે : વડાપ્રધાન મોદી

સંસદના શિયાળુ સત્રમાં મુસ્લીમોના ત્રિપલ તલાક પ્રથા પર રોક લગાવતો કાયદો ઘડવા માટે ખરડો લવાય તેવી સંભાવના છે.સરકારમાં ઉચ્ચ સ્તરે આ મામલે ચાલી રહેલી ચર્ચા પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.આ ખરડાનો મુસદો તૈયાર કરવા મંત્રીઓની એક સમિતિની રચના કરી દેવાઈ છે.તલાક એ બિદ્દતની વિવાદાસ્પદ પ્રથા સુપ્રીમ કોર્ટે રદબાતલ ઠેરવ્યાના બે મહિના બાદ સરકાર તરફથી આ સંકેત પ્રાપ્ત થયો છે.સુત્રોના જણાવ્યા મુજબ કાયદો ન હોવાને કારણે ટ્રિપલ તલાકની પીડીતાઓની પાસે પોલીસ પાસે જવા સિવાય કોઈ વિકલ્પ હોતો નથી.કાયદાની આ આકરી જોગવાઈઓના અભાવે તલાક આપનાર પતિ સામે આકરાં પગલાં લઈ શકાતા નથી. તેથી સરકારનું આ પગલું પીડીતાઓ માટે આર્શીવાદ સમાન પુરવાર થશે.ડિસેમ્બરમાં યોજાનાર સંસદના શિયાળુ સત્રમાં આ ખરડો પેશ થાય તેમ લાગી રહ્યું છે.સુપ્રીમ કોર્ટે ખંડિત ચુકાદામાં ટ્રિપલ તલાકને ગેરકાયદે અને ગેરબંધારણીય ગણાવ્યો હતો.

## ત્રીપુરામાં એક પત્રકારની પીએસઓ દ્વારા ગોળી મારી હત્યા કરાઇ

ત્રીપુરામાં વધુ એક પત્રકારની ગોળી મારી હત્યા કરી દેવાઈ હતી.છેલ્લા બે મહિનામાં હત્યાની આ બીજી ઘટના છે.સુદિપદત્તા ભૌમિક નામના એક પત્રકાર ત્રીપુરા સ્ટેટ રાઈફલના કમાન્ડો સાથે એપોઈમેન્ટ બાદ મુલાકાતે ગયા હતા.જ્યાં ત્રીપુરા સ્ટેટ રાઈફલના પીએસઓ સાથે તકરાર થતાં પીએસઓએ પત્રકારને ગોળી મારી હત્યા કરી દીધી. આ પીએસઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના અગરતલાથી ૨૦ કીમી. દુર આરકે નગર વિસ્તારની છે. અગરતલાના બંગાળી અખબારના તંત્રીએ આ વાત કહી હતી.સુદિપ અખબારના પત્રકાર હતા. હત્યા થયા બાદ સુદિપના મૃતદેહને અગરતલા લાવવામાં આવ્યો હતો.પોલીસે આ પીએસઓ સાથે ફરિયાદ નોંધીને ધરપકડ કરી હતી.આ પહેલાં ટીવીના પત્રકાર ૨૦ સપ્ટે. શાંતનું ભૌમિકની ટોળાએ હત્યા કરી હતી.

## ભારત સરકાર કાબેલ નથી અને તેઓ સરકારના કામોથી ખુશ નથી પરંતુ આશાવાદી છે :બિલ ગેટ્સ

વિશ્વના બીજા ક્રમના ધનવાન અને માઈક્રોસોફ્ટના સહસ્થાપક બિલ ગેટ્સ શિક્ષણ અને આરોગ્યના મોરચે ભારત સરકાર દ્વારા થયેલા કાર્યોથી ખુશ નથી.પરંતુ ભારત માટે તેઓ આશાવાદી છે. તેમણે કહ્યુ હતું કે ભારત સરકાર પુરેપુરી રીતે કાબેલ નથી તે હકીકત છે. પરંતુ કેટલાક સારા કામ પણ થયા છે.બિલ ગેટ્સની ગિવિંગ પ્લેજ પહેલમાં ઈન્ફોસિસના ચેરમેન નંદન નીલેકણી અને તેમના પત્ની રોહીણીને સાઈન કરવામાં આવ્યા હતા.તેમણે પોતાની અડધી સંપત્તિ દાનમાં આપવાની જાહેરાત કરી છે.

ભારત સરકાર વિશે પુછાયેલા સવાલના જવાબમાં બિલ ગેટ્સે કહ્યુ કે ગ્લાસ અડધો ભરાયેલો છે. બધા કહે છે કે સરકાર કાંઇ કરી શકતી નથી.આવું કહેવું સરળ છે. સરકાર પુરેપુરી કાબેલ નથી પરંતુ સારા કામ પણ થયા છે.

### જાણવા જેવું !

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ
બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

ડેન્માર્કમાં સાડાચાર ફુટ લાંબી એક ચુંગી છે.


### જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



### લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે

મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

### અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨


## સરકાર સંસદની તાળાબંધી કરી જવાબદારીમાંથી છટકી શકે નહીં : સોનિયા ગાંધી કોગ્રેસ પ્રમુખ



કોગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ વડાપ્રધાન મોદીને સંસદના શિયાળુ સત્ર મુદ્દે ઘેર્યા હતા. સોનિયા ગાંધીએ જણાવ્યુ હતું કે મોદીમાં વિરોધીઓનો સામનો કરવાની હિંમત નથી.તેઓ વાહિયાત કારણોસર સંસદના શિયાળુ સત્રનું ગળુ ટુંપી રહ્યા છે.ઘમંડી બનેલી સરકારે ભારતની સંસદનું શિયાળુ સત્ર ટુંકાવીને સંસદીય લોકશાહી પર કાળો ઓછાયો પાથરી દીધો છે.વિધાનસભાની ચુંટણી પહેલાં લોકશાહીનાં મંદિરને તાળાબંધી કરીને બંધારણીય જવાબદારીમાંથી છટકી શકાશે એમ માનવું સરકારની ભુલ છે.

સોનિયા ગાંધીએ આરોપ મુક્યો હતો કે સરકાર ગરીબોના ભાવીનો નાશ કરીને મુઠ્ઠીભર લોકોનું ભવિષ્ય બનાવી રહી છે. બેરોજગારી, મોંઘવારી,નિકાસમાં ઘટાડો અને જીએસટી કરોડો ભારતીયોને પીડા આપી રહ્યા છે.નોટબંધીએ ખેડુતો, નાના વેપારીઓ,રોજમદારો અને ગૃહીણીઓના ઘા પર મીઠુ ભભરાવ્યા સિવાય બીજુ કશું નથી.

## કોગ્રેસના આક્ષેપોને પાયા વિહોણા ગણાવતા કેન્દ્રીય નાણાં મંત્રી અરુણ જેટલી



કેન્દ્રીય નાણાં મંત્રી અરુણ જેટલીએ કોગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી ના આક્ષેપોનો જવાબ આપતાં કહ્યુ હતું કે તેઓના આરોપો પાયાવિહોણા છે. આ એક પરંપરા રહી છે અને ભુતકાળમાં પણ ઘણી વાર ચુંટણી યોજાઈ રહી હોય ત્યારે સંસદના સત્રના સમયમાં બદલાવ કરાયા છે. જો કે જેટલીએ સરકારના પગલાંનો બચાવ કરતાં પરંપરાનો ઉપયોગ કર્યો છે.વિપક્ષોના હુમલાને ખાળવા માટે સરકાર તૈયાર હોય છે.


### ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જ્હોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.